# રાજ્યભરમાં મેઘરાજાની અસીમ મહેર

## ચોમાસાના પ્રારંભે જ રાજ્યમાં ૨૨ ટકા કરતા વધારે વરસાદ : સૌથી વધુ કચ્છમાં ૭૬.૮૦ ટકા વરસાદ, અનેક જળાશયોમાં નવા નીર આવ્યા છે તેમજ નદી નાળા-ઝરણાં વહેતા થયા

અમદાવાદ, તા.૩૦

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે અનેક જિલ્લાઓમાં વરસાદ વરસી રહ્યો છે અને હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે ગુજરાતના અનેક જળાશયોમાં આ સાથે જ ચોમાસાના પ્રારંભે જ ગુજરાતમાં સરેરાશ ૨૨ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે જેમા સૌથી વધુ કચ્છમાં વરસ્યો છે.

રાજ્યમાં હવામાન વિભાગે આપેલી આગાહી પ્રમાણે દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના અનેક જળાશયોમાં નવા નીર આવ્યા છે તેમજ નદી નાળા અને ઝરણાં વહેતા થયા છે. જૂનાગઢમાં વરસાદને પગલે અનેક વિસ્તારોમાં ગોઠણસમાં પાણી ભરાયા હતા. બીજી તરફ સુરેન્દ્રનગરના ચોટીલામાં ૨૪ કલાકમાં ૫ ઈંચ




નવા નીર આવ્યા છે તો બીજી તરફ સૌરાષ્ટ્રમાં પણ ભારે વરસાદના પગલે મચ્છુ અને ભાદર-૨ના દરવાજા ખોલવામાં આવ્યા હતા. જિલ્લાઓમાં વરસાદ વરસ્યો છે. જેમા જૂનાગઢ શહેરમાં ૧૦ ઈંચ, ગિરનાર પર્વત પર ૧૨ ઈંચ વરસાદ વરસ્યો છે. વરસાદને કારણે અનેક વરસાદ વરસતા ચોટીલા ડુંગર પરથી વરસાદી પાણી વહેતા થયા હતા જ્યારે લખતર અને સાયલામાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો.

# ૨૨ કલાકમાં જૂનાગઢમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ

## ચારે તરફ પાણી જ પાણીના દ્રશ્યો સર્જાયા :સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, રાજકોટ સહિત દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, નર્મદામાં સારા પ્રમાણમાં વરસાદ નોંધાયો છે

અમદાવાદ, તા.૩૦

મેઘરાજાએ જમાવટ કરી દીધી છે ત્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ધમધોકાર વરસાદ પડી રહ્યો છે. આવામાં જૂનાગઢ તાલુકામાં પાછલા ૨૨ કલાકમાં સૌથી વધુ ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો છે. જૂનાગઢમાં થયેલા સારા વરસાદના કારણે ખેડૂતોમાં ભારે ખુશીની લાગણી છવાયેલી છે, ગીરનાર પર્વત પરથી તળેટીમાં જળાભિષેક થતો હોય તેવા દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. આ સિવાય જૂનાગઢમાં ઠેરઠેર ભારે વરસાદના કારણે નદી, નાળા તથા તળાવ સહિતની જગ્યાઓ પર નવા જળ આવ્યા છે. ભારે વરસાદના લીધે લોકોએ મુશ્કેલી પણ વેઠવી પડી રહી છે. સુરતના મહુવામાં ૭.૩ ઈંચ, તાપીના વાલોડમાં ૬.૮ ઈંચ અને







વ્યારામાં ૬.૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. ૨૯મી જૂને રાજ્યના સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ નોંધાયો છે. જેમાં ગીર સોમનાથના તલાલામાં ૬.૧ ઈંચ અને સુત્રાપાડામાં ૬ ઈંચ વરસાદ નોંધાયો છે. જૂનાગઢના મેંદરડામાં ૫.૯ ઈંચ અને ભેસાણમાં ૫.૪ ઈંચ વરસાદ થયો છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં વાવાઝોડા દરમિયાન ભારે વરસાદ નોંધાયો હતો તે પછી ફરી એકવાર ચોમાસાની શરુઆત સાથે ભારે વરસાદ જામ્યો છે. જેના કારણે ખેડૂતોમાં ખુશીની લહેર છે. સુરેન્દ્રનગરના ચોટીલામાં ૫.૩ ઈંચ વરસાદ થયો હતો, જૂનાગઢના વિસાવદરમાં ૫.૩ ઈંચ વરસાદ, રાજકોટના ધોરાજીમાં પણ ૫.૩ ઈંચ વરસાદ થયો છે.

# રાજકોટમાં ભાદર-૨ ડેમના ૬ દરવાજા ૫ ફુટે ખોલાયા

## હેઠવાસના ગામોને સાવચેત રહેવા સુચના : રાજકોટ જિલ્લાના ઉપલેટાનો વેણુ-૨ ડેમ ૮૦ % ભરાઈ જતાં હેઠવાસના ગામોને સાવચેત રહેવા સુચના આપવામાં આવી છે

રાજકોટ, તા.૩૦

ધોરાજી તાલુકાના ભુખી પાસેનો ભાદર-૨ સિંચાઈ યોજના નંબર-૧૪૯ ભાદર-૨ ડેમ ભારે વરસાદને કારણે તેની પૂર્ણ સપાટીએ ભરાઈ ગયો છે. ભયજનક સપાટીએ ઓવરરફલો થઈ રહ્યો છે. આથી ડેમના છ દરવાજા વારે ૭. ૪૫ વાગ્યે પાંચ ફૂટે ખોલવામાં આવ્યા છે. ડેમમાંથી ૩૮૬૭૪ કયુસેક પાણી છોડવામાં આવતા ડેમના હેઠવાસમાં ગામોને એલર્ટ કરાયા છે. ધોરાજી તાલુકાના ભોળા, ભોળગામડા, છાડવાવદર અને સુપેડી તેમજ ઉપલેટા તાલુકાના ડુમિયાણી, ચીખલીયા, સમઢીયાળા, ગણોદ, ઈસરા, કુંઢેચ, ભીમોરા, ગાધા, ગધેડ, હાડફોડી, લાઠ, મેલી મજેઠી, નીલાખા, તલગણા ગામોના લોકોએ નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં અવરજવર નહિ કરવા તેમજ સાવચેત રહેવા સૂચનાઓ છે. છેલ્લા બે દિવસથી સમગ્ર રાજ્યમાં વરસાદ પડી રહ્યો છે ત્યારે રાજકોટમાં પણ ગઈકાલે જિલ્લામાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. આ વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજકોટ જિલ્લામાં સૌથી વધુ કપાસ અને મગફળીનું વાવેતર થાય છે. આ ઉપરાંત કઠોળ, તલ સહિતના પાકને પણ આ વરસાદથી ફાયદો થશે. આ




વર્ષે જિલ્લામાં સોયાબીનનું પણ મોટા પ્રમાણમાં વાવેતર થયું છે. ખેડૂતોની સાથે માલધારીઓમાં પણ ખુશીનો માહોલ છે. જિલ્લા ના મોટાભાગના ડેમોમાં મોટા પ્રમાણમાં પાણીની આવકો થઈ છે. ગોંડલ ધોરાજી જેતપુર અને ઉપલેટાના ડેમોમાં નવા નિર્માણની આવકો થઈ છે. તો ગ્રામ્ય વિસ્તારના ચેક ડેમો ઓવરફલો થતા ખેડૂતોને ફાયદો થશે. સારા વરસાદને લઈને ભૂગર્ભ જળ ઊંચા આવ્યા છે. રાજકોટ જિલ્લાના ઉપલેટાનો વેણુ-૨ ડેમ ૮૦ % ભરાઈ જતાં હેઠવાસના ગામોને સાવચેત રહેવા સુચના આપવામાં આવી છે. રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ગધેથડ ગામ પાસેનો સિંચાઈ યોજના નંબર ૧૫૩ વેણુ-૨ ડેમ ભારે વરસાદને કારણે ૮૦ % ભરાઈ ગયો છે. ડેમમાં હાલ ૬.૩૭ વાગ્યે ૧૬૬૬૬ કયુસેક પ્રવાહની આવક ચાલું છે. ડેમની કુલ સપાટી ૫૫ મી. તથા હાલની સપાટી ૫૩.૨૧,પાણીની આવક વધતા ગમે ત્યારે ડેમના દરવાજા ખોલવામાં આવે તેવી શક્યતાઓ છે. ડેમના હેઠવાસમાં આવતા ઉપલેટા તાલુકાના ગધેથડ, વરજાંગજાળીયા, મેખાટીંબી, નાગવદર અને નિલાખા ગામોના લોકોએ નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં અવરજવર નહિ કરવા તેમજ સાવચેત રહેવા રાજકોટ ફલડ સેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# નાગરિક પુરવઠા નિગમ કર્મચારી ઉત્કર્ષ મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. કર્મચારી ‘ઉત્કર્ષ’ મંડળ ગાંધીનગરનું વર્ષ ૨૦૨૨-૨૩ માટે સામાન્ય સભા તાજેતરમાં પ્રમુખ પી.એમ. વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. જેમાં મંડળના મહામંત્રી એ.વી. સોલંકીએ સભા સમક્ષ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. તેમજ કર્મચારીઓના વિવિધ પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હતી. આ ઉપરાંત કે.એસ. ડાભી - ખજાનચી દ્વારા વાર્ષિક હિસાબો વાંચી સંભળાવ્યા હતા જેને હાજર સભ્યોએ બહાલી આપી હતી.

આ ઉપરાંત વર્ષ-૨૦૨૩-૨૪ના વર્ષ માટે કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. જેમાં પી.એમ. વાઘેલા (પ્રમુખ), એ.વી. સોલંકી (મહામંત્રી), બી.ડી. રાઠોડ (મુખ્ય કન્વીનર), આર.એ. વણકર (માનદ પ્રમુખ), આર.આર. પરમાર (અધિક મુખ્ય કન્વીનર), આર.જે. ચૌહાણ (ઉપપ્રમુખ), આર.કે. પરમાર (ઉપપ્રમુખ), એમ.એમ. પરમાર (સહમંત્રી), એન.વી. વણકર (સહમંત્રી), આર.એ. શ્રીમાળી (સંગઠનમંત્રી), કે.એસ. ડાભી (ખજાનચી), આર.ડી. દવે (ઓડીટર), કે.ડી. મકવાણા (લીગલ સેક્રેટરી), શ્રીમતી ઉષાબેન ચીંબુરકર (મહિલા કન્વિનર), શ્રીમતી નિર્મળાબેન સોલંકી (મહિલા પ્રતિનિધિ) તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે ડૉ. નીરજા ગુપ્તાની નિમણૂક

## હિમાંશુ પંડ્યાની ટર્મ પૂરી થતા કરાઈ નિમણૂંક : નીરજા ગુપ્તાને યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ બનશે

અમદાવાદ, તા.૩૦

ગુજરાત યુનિવર્સિટીમાં હિમાંશુ પંડ્યાની કુલપતિ તરીકે ટર્મ પૂરી થતા નવા કુલપતિની નિમણૂંક કરાઈ છે. નીરજા ગુપ્તાને યુનિવર્સિટીના કુલપતિ બનવવામાં આવ્યા છે.

અત્રે તમને જણાવી દઈએ કે, યુનિવર્સિટીની સ્થાપના થયાને ૭૩ વર્ષ જેટલો સમય થયો છે જે બાદ પ્રથમવાર યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે પ્રથમવાર મહિલા કુલપતિ નીમાયા છે. યુનિવર્સિટીના કુલપતિના પદ માટે સર્ચ કમિટીએ એક જાહેરાત બહાર પાડી હતી તેમજ અરજી મંગાવી હતી. જેમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ બનવા



માટે ૧૦૦થી વધુ ઈચ્છુક ઉમેદવારોએ અરજી કરી હતી અને જેમાં ૬૦ જેટલી યોગ્ય ઠેરી હતી. જે બાદ સ્ક્રુટી કરવામાં આવી હતી અને જે બાદ નીરજા ગુપ્તાના નામ પર અંતિમ મ્હોર લાગી છે.ગુપ્તા અત્યારે સાંચી યુનિવર્સિટીના કુલપતિ તરીકે કાર્યરત છે તેમજ અગાઉ ગુજરાત યુનિવર્સિટીમાં સ્ટડી અબ્રોડના ડિરેક્ટર અને ભવન્સ કોલેજના આચાર્ય તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમજ વર્ષ ૨૦૨૧માં તેઓ સાંચી બૌદ્ધ-ભારતીય નોલેજ સ્ટડીઝ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પણ રહી ચુક્યા છે. ભારતીય વિદ્યા ભવન,ખાનપુર, અમદાવાદ ખાતે પ્રોફેસર અને પ્રિન્સિપાલ તરીકે રહેલા છે

# વિસાવદરમાં ૧૨ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ ખાબક્યો

## જૂનાગઢના વિસાવદરમાં આભ ફાટ્યુ : હાલ ત્યાં લોકોનાં ઘરોમાં પાણી ભરાતાં હેરાન પરેશાન થઈ ચૂક્યા છે

જૂનાગઢ, તા.૩૦

ગુજરાતમાં આગામી ચાર દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બે-બે સિસ્ટમ સક્રિય થવાથી



ગુજરાતભરમાં ભારેથી અતિભારે વરસાદ જોવા મળી રહ્યો છે. ત્યારે વિસાવદરમાં બારે મેઘ ખાંગા થયા હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. વિસાવદરમાં માત્ર ૧૨ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ ખાબક્યો છે, આથી રસ્તાઓ અને ખેતરો પાણી પાણી થઈ ગયાં છે. સવારથી અત્યાર સુધીમાં ગુજરાતના ૧૫૧ તાલુકામાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. ૧૫ તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ તો ૪૫ તાલુકામાં ૨ ઈંચ કરતાં વધુ વરસાદ પડ્યો છે.

જ્યારે જૂનાગઢના વિસાવદરમાં ૧૨ કલાકમાં ૧૪ ઈંચ વરસાદથી જળબંબાકાર જેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. હાલ ત્યાં લોકોનાં ઘરોમાં પાણી ભરાતાં હેરાન પરેશાન થઈ ચૂક્યા છે.જૂનાગઢમાં ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ જોવા મળી. જૂનાગઢના ઉપલા દાતાર પર વરસાદ પડ્યો. જેથી ઉપલા દાતારના નયનરમ્યો દ્રશ્યો સામે આવ્યા છે. મનમોહક દ્રશ્યોએ સૌ કોઈનું દિલ જીતી લીધું છે.

જૂનાગઢના કેશોદમાં અનરાધાર વરસાદથી તારાજી સર્જાઈ છે. ભારે વરસાદથી ઘેડ પંથક જળબંબાકાર થયું છે. ઓઝત નદીમાં ઘોડાપૂરથી ખેતરોના પાળા ધોવાયા છે, તો ગામમાં પાણી ઘૂસતા અનેક કાચા મકાન તણાયા છે. ધોધમાર વરસાદથી જૂનાગઢ જિલ્લાનો સૌથી મોટો ડેમ ઓવરફલો થયો છે. પ્રથમ વરસાદે જ ઓઝત ૨ ડેમ ઓવરફલો થતાં સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ આવ્યો. ઉપરવાસમાં ભારે વરસાદથી ડેમમાં નવાની આવ્યા.

### ગુડા દ્વારા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હીનામાં ફોર્મ વિતરણ પણ શરૂ કરી દેવાશે. ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રીયાના અંતે આવાસોની ફાળવણી માટે ડ્રો ની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવશે. જયારે આવાસ યોજનાનુ કામ ડિસેમ્બર ૨૪ સુધીમાં પુર્ણ કરી દેવાશે. ગુડાએ અત્યાર સુધીમાં અંદાજિત ૫૦૦૦ થી વધુ મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે આર્થિક રીતે નબળ પરિવારોને ધ્યાનમાં રાખીને ગુડા દ્વારા નવી આવાસ યોજનાનુ કામ પણ શરૂ કરાયુ છે.

### આક્રમકતા બતાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અજીતસિંહ અને કલ્પેશ પટેલ વચ્ચે જોવા મળી હતી. આ પછી જિલ્લામાં બે વર્ષમાં માર્ગોના કામ માટે અપાયેલા જોબ નંબરો પછી કામ શરૂ ન થયાના મુદ્દે કોંગ્રેસે તંત્રને ભીંસમાં લીધુ હતુ.

અજીતસિંહે પહેલાં ત્રાગુ કર્યુ હતુ કે મારે કંઈ પુછવુ નથી પણ આ પછી તેમણે ૨૧.૨૨ અને ૨૨.૨૩ માં મળેલા જોબ નંબરો પછી એલ્ટીમેટ તૈયાર સમયસર ન થયા હોવાનું જણાવી કોન્ટ્રાક્ટરો સાથે મિલીભગતમાં એલ્ટીમેટ તૈયાર થતા હોવાનું જણાવી સૌને ચોંકાવ્યા હતા.

તેમણે પુછ્યુ કે માર્ગોના કામો માટે ૩૦૦ જોબ નંબર સરકારે ફાળવ્યા બે વર્ષ થયા સરકારનો આભાર તમે માની શકતા નથી અમે વિપક્ષમાં રહી સરકારના અભિગમને બિરદાવીએ છીએ. પરંતુ બે વર્ષ પછી ૧૦૦ જેટલા જોબ નંબરોના એલ્ટીમેટ નથી બન્યા તે ખુબજ દુઃખદ અને પીડા આપનારા છે.

આ કામો ક્યારે ચાલુ થશે અને ક્યારે પુરા થશે તે વિશે ભગવાન જાણે. ગ્રામીણ વિસ્તારમાં લોકોની પરેશાની વધે છે અને જોબ નંબર મળ્યા પછી એલ્ટીમેટ તૈયાર કરવામાં કેમ વિલંબ કરાય છે.

ગ્રામીણ વિસ્તારમાં નવી આકારણીના મુદ્દે પણ તંત્રના ઉદાસીન વલણ અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. જિલ્લામાં ૧૪૮ ગામોમાં આકારણી થઈ છે જ્યારે ૧૪૦ ગામોમાં હજુ આકારણીની કામગીરી બાકી છે. આ મુદ્દે સમીક્ષા બેઠકમાં શું સમીક્ષા થઈ અને કેમ આકારણી નથી થઈ તે જાણવુ જોઈએ.

જોકે આ મુદ્દે બહુ ચર્ચા ન કરવા ભાજપના સભ્યોએ એકી અવાજે કહેતા કહ્યુ હતુ કે ગ્રામીણ વિસ્તારમાં સરપંચની સત્તાનો મુદ્દો છે બહુ ચર્ચા ન કરીએ. ગરીબ પ્રજાને કનડવાની જરૂર નથી.

આજે પ્રશ્નોત્તરી દરમ્યાન કોંગ્રેસ આક્રમક મૂડમાં જણાઈ હતી. જો કે ભાજપમાં રક્ષણાત્મક રણનીતિમાં નિષ્ફળ પુરવાર થયુ હતુ. સભ્યોએ મૌન રહેવાનું વધુ પસંદ કર્યુ હતુ.

### ભાવો વધ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી રહ્યો છે. ડુંગળીના સૌથી મોટા બજાર લાસલગાંવમાં શુક્રવારે તેનો ભાવ ૧૩૦૦ રૂ. પ્રતિ ક્વિન્ટલ પર પહોંચી ગયો હતો. દુકાનદારોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં તેના ભાવો વધી શકે છે. ૨૭ જૂને નાસિક મંડીમાં ડુંગળીની સરેરાશ કિંમત રૂ. ૧૨૦૦ હતી. તે ૨૯ જૂને રૂ. ૧૩૦૦ પ્રતિ ક્વિન્ટલ પર પહોંચી છે. ટામેટા બાદ ડુંગળી મોંઘી થવાથી સામાન્ય જનતા પરેશાન છે. ખાસ કરીને ગૃહિણીઓ માટે કપરી સ્થિતિ સર્જાઈ છે. ભોજનનો સ્વાદ કેવી રીતે જાળવવો તેની મુંઝવણ ઉભી થઈ છે. ડુંગળી અને ટામેટાના ભાવો વધતા ખાદ્ય પદાર્થોની કિંમતમાં પણ વધારો થઈ શકે છે.

### આક્રોશ વ્યક્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રશ્મિનજી ઠાકોરે મનરેગાનો મુદ્દો પણ ઉપસ્થિત કર્યો હતો. જો કે આ બાબતે તેઓ બહુ આક્રમક થયા ન હતા પરંતુ અજીતસિંહે મોરચો સંભાળી મનરેગાના અમલીકરણમાં ઉદાસીનતા તેમજ શ્રમિકોને મહેનતાણુ સમસર ન મળતુ હોવાનુ અને બિલના પેમેન્ટ પણ વિલંબથી થતા હોવાનું જણાવી તંત્રને ભીંસમાં લીધુ હતુ.

તેમણે જણાવ્યુ કે ડી.ડી.ઓ.એ ઈનીસેએટીવ લઈ તેમના વિસ્તારમાં ૧૫૦ લોકોને જોબકાર્ડ ઈસ્યુ કરાવ્યા હતા. ત્રણ સામાન્ય સભા થઈ હજુ સુધી આ લોકોને રોજગારી મળી નથી. આ યોજના નથી કાયદો છે તે વાત તંત્રએ સમજવી જરૂરી છે.

ધારાસભ્યએ પણ મનરેગાના કામો માટે દર મહિને બેઠક યોજવાના કરેલા સૂચન પછી પણ એકેય બેઠક તંત્રએ બોલાવી જ નથી. આવી ઉદાસીનતા યોગ્ય નથી.

### વેરો ભરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોટકાતુ રહ્યુ હોવા છતાંય આ વખતે આવક વધી છે. જો કે મિલ્કતવેરાની આકારણીમાં રહેઠાણ માટે ૧.૨૫ રૂ. અને વાણિજ્ય સંકુલમાં ૨.૫૦ રૂ.ના વધારા પછી પણ મિલ્કતધારકોએ મિલ્કતવેરો ભરવામાં ઉદાસીનતા દાખવી ન હોવાથી મનપામાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

મિલ્કતવેરાની વસુલી માટે હવે મનપા નવુ સોફટવેર ખરીદી રહેલ છે અને તેનુ ઈન્સ્ટોલેશન ટૂંકમાં જ કરવામાં આવશે. સત્તાધીશો ફેસલેસ અને કેસલેસ કલેક્શન વધે તે માટેના તમામ પ્રયાસો નવા સોફ્ટવેરના ઈન્સ્ટોલેશન સાથે કરવાના મૂડમાં હોવાનું જાણવા મળેલ છે.

### ૬ ઈંચ વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા છે. સતત વાદળિયા અને ભેજવાળા વાતાવરણના લીધે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. શહેરમાં દિવસના અંતે ૧૨ મી મી વરસાદ નોંધાયો હતો. જયારે ચોમાસાના પ્રારંભે શહેરમાં અત્યાર સુધી સિઝનનો કુલ ૧૬૦ મી મી વરસાદ વરસ્યો છે. વરસાદી મોસમ નિખરતા સેકટરોમાં અનેક દુવિધાઓ પાંગરતી નજરે પડે છે જેમાં કાદવ કિચ્ચડ અને ગંદકી વચ્ચે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ વધ્યા છે. ત્યારે સેકટરોમાં સફાઈ અને દવા છંટકાવ સહીતની કામગીરી હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### ઉછાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર સેન્સેક્સ પર ૪.૧૪ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે ઈન્ફોસીસ, ઈન્ડસઈન્ડ બેંક, સન ફાર્મા, ટીસીએસ, મારુતિ, લાર્સન એન્ડ ટુબ્રો, પાવરગ્રીડ, ટેક મહિન્દ્રા) અને વિપ્રો તેજી સાથે બંધ થયા હતા.

આ ઉપરાંત એચડીએફસી બેંક, એચડીએફસી, ટાટા મોટર્સ, એચસીએલ ટેક, બજાજ ફાઈનાન્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ, ટાઈટનના ટાઈટન શેર, એક્સિસ બેંક, નેસ્લે ઈન્ડિયા, હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (એચયુએલ), આઈટીસી, એસબીઆઈ, બજાજ ફિનસર્વ અને એશિયનપેઈન્ટ લીલા ચિહ્ન સાથે બંધ થયા.

### ચોમાસુ સત્રમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુનિફોર્મ સિવિલ કોડમાં તમામ ધર્મો માટે એક કાયદાની વ્યવસ્થા હશે. દરેક ધર્મનો પોતાનો વ્યક્તિગત કાયદો છે, જેમાં લગ્ન, છૂટાછેડા અને મિલકતો માટેના પોતાના કાયદા છે.

યુનિફોર્મ સિવિલ કોડના અમલીકરણ સાથે તમામ ધર્મોમાં રહેતા લોકોના કેસ માત્ર નાગરિક નિયમો દ્વારા જ હાથ ધરવામાં આવશે. યુનિફોર્મ સિવિલ કોડ લગ્ન, છૂટાછેડા, દત્તક, ઉત્તરાધિકાર અને મિલકત અધિકારો સંબંધિત કાયદાઓને સુવ્યવસ્થિત કરવા માટે છે.

### ક્વોલિફાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલા યુએસએ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૩ની જ્યુરી દ્વારા ફાઈનલિસ્ટ તરીકે પણ પસંદ કરવામાં આવી હતી. આ ઉપરાંત, આ શોર્ટ ફિલ્મ ’લાશોર્ટ્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૩’ અને ’ કારમર્થન બે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૩ સહિત ઘણા પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ ઓફિશિયલ સિલેકશનમાની એક હતી.

ફિલ્મ ગીદ્ધ વિશે વાત કરતાં સંજય મિશ્રાએ કહ્યું, "અમારી ફિલ્મને મળેલા જબરજસ્ત વૈશ્વિક આવકાર માટે હું અત્યંત નમ્ર અને આભારી છું. તે એક યાદગાર સફર રહી છે, અને આવા અકલ્પનીય ક્રૂ સાથે સહયોગ કરવાનો ખૂબ જ સારો અનુભવ રહ્યો છે.